# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Year 10 • Issue 5 / 115 • Mumbai • May 2016 • Page 16 • Price Rs. 2/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email: patanmandal@gmail.com


## પ્રમુખ સ્થાનેથી...



શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સંચાલિત પાટણ ખાતેની શ્રી બી.ડી.એસ. વિદ્યાલય ઘણી સારી પ્રગતિ કરી રહી છે. આપણા કાર્યકર્તાઓનું સ્વપ્ન છે કે, આ શાળાને આપણે 'ઈન્ટરનેશનલ' સ્ટાન્ડર્ડની બનાવવી. આપણે કોમ્પ્યુટર્સથી માંડીને રમત ગમતના ક્ષેત્રે આધુનિક સવલતો આપીએ છીએ. આ શાળામાના અનેક વિદ્યાર્થીઓ આજે ઉદ્યોગક્ષેત્રે અને વ્યાવસાયિક ક્ષેત્રે સુંદર પ્રગતિ કરી છે. જેનું આપણને ગૌરવ છે.

આપણી શાળામાં દૂરથી અભ્યાસ કરવા આવતાં વિદ્યાર્થીઓને સગવડ આપવા મંડળ જૂન-૨૦૧૬ થી છાત્રાલય શરૂ કરી રહેલ છે. આ છાત્રાલયમાં જૈન વિદ્યાર્થીઓને અગ્રતા ક્રમે પ્રવેશ આપવામાં આવશે. કોઈક કારણસર પૂરતા પ્રમાણમાં જૈન વિદ્યાર્થીઓ નહીં મળે તો, જૈનેત્તર શાકાહારી વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવશે.

અમે ગયા મહિને છાત્રાલયના નવનિર્માણ માટે સમાજ સમક્ષ ટહેલ નાખી હતી. એના પ્રતિસાદ રૂપે બે દાતા પરિવારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. જેના માટે દાતા પરિવારોના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

શ્રી પાટણ જૈન મંડળ અને વર્ધમાન સંસ્કાર ધામે સંયુક્ત ઉપક્રમે તા. ૧૫-૫-૨૦૧૬ના રવિવારે મીરારોડ ખાતે 'Public Health care Centre' પ્રારંભ કરેલ છે જે આનંદની વાત છે. આ સેન્ટર માટે શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો) દ્વારા રૂા. ૧૦ લાખનું દાન આપેલ છે જે બદલ તેમના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન. મીરારોડ ખાતે આ નવા સેન્ટરની શરૂઆતથી દહીંસર વિરારની વચમાં રહેતા અને ખાસ કરીને મીરારોડ અને ભાયંદરના


(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)


## *From President's Desk...*

Let me start by writing that the B.D.S School - Patan led by PJM is on the path to success. Our office bearers have envisioned that the school should be of an international standard. From Computers to Sports, we have provided all the modern facilities at our school. Many students from this school have succeeded in their Professional & Business fields, and we are proud of it.

Soon we are planning to open a hostel for outstation students. First preference towards admission will be given to Jain students. If due to some reason we cannot fill all the seats with Jain students then Vegetarian students will be given preference.

With regards to the development of this hostel we had given a proposal to the community, for which we have received a positive response from two families. I appreciate the support shown by these families for this noble cause.

On Sunday, 15th May 2016 we crossed another milestone. Shree Patan Jain Mandal in collaboration with Vardhaman Sanskar Dham opened a "Public Health Care Centre" in the heart of Mira Road. Since this Health Care Centre is centrally located it will greatly benefit families residing between Dahisar and Virar, and for this noble cause Mr. Tushar Pravinchandra Shah & Family (Dhandherwado) have donated Rs. 10 Lacs. I thank the family from the bottom of my heart for this generous contribution. Shri Tusharbhai Pravinchadra Kesrichand Parivar's name itself brings great joy due to their unstinted moral and monetary support to the Mandal.


(Cont'd on Pg 3)

## શ્રી પાટણ જૈન મંડળ

# પબ્લીક હેલ્થકેર સેન્ટર - મીરારોડ - ઉદ્‌ઘાટન



વર્ધમાન મેડીકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા MLA શ્રી નરેન્દ્રભાઈ મહેતા



હેલ્થકેર સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા શ્રી પ્રેયસભાઈ અને શ્રી પ્રિયાંશુભાઈ




મેયર શ્રીમતી ગીતાબેન જૈન, દાતાઓ તથા મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ

શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી વર્ધમાન સંસ્કારધામના સહયોગ દ્વારા તા. ૧૫-૫-૨૦૧૬ના રવિવારે, વિનયનગર, મીરારોડ (ઈસ્ટ)માં પબ્લીક હેલ્થકેર સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

**શ્રી વર્ધમાન સંસ્કારધામના મેડીકલ સેન્ટરમાં** ઉપર્યુક્ત હેલ્થકેર સેન્ટર શરૂ કરવા પાટણના ઢંઢેરવાડાના **શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ પરિવારે** રૂા. ૧૦ લાખનું અનુદાન શ્રી પાટણ જૈન મંડળને સમર્પિત કરેલ છે, આમ આ પરિવારનું નામ આ સેન્ટર સાથે હંમેશ માટે જોડાયેલું રહેશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ સ્થાનિક **MLA શ્રી નરેન્દ્રભાઈ મહેતા** અને મીરા ભાઈંદર નગર પાલિકાના **મેયર શ્રીમતી ગીતાબેન જૈન** ઉપસ્થિત હતા. સામાજીક સંસ્થાઓની આવી સમાજઉપયોગી પ્રવૃત્તિઓને બન્ને મહાનુભવોએ બીરદાવી હતી.

શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે** તેમજ શ્રી માટુંગા વાસુપૂજ્ય જૈન ફાઉન્ડેશનના **પ્રમુખ શ્રી બીપીનભાઈ દોશીએ** તેમની સંસ્થાઓનો સંક્ષિપ્ત પરિચય આપી આ કાર્ય માટે આર્થિક યોગદાન આપનાર દાતાઓનો આભાર માન્યો હતો. **શ્રી વર્ધમાન સંસ્કારધામના ટ્રસ્ટીઓ** દ્વારા દાતાઓ તેમજ દાતા પ્રતિનિધિઓનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું અને વર્ધમાન સંસ્કારધામ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની વિગતો **શ્રી સુનીલભાઈ છેડા** દ્વારા રજુ કરાઈ હતી.

આ પ્રસંગે શ્રી પાટણ જૈન મંડળના અને સમાજના વડીલ **શ્રી જે.કે. શાહ ઉપપ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળા તેમજ દાતા શ્રી હેમન્તભાઈ સાલવી તેમજ મેડીકલ સમિતિના સભ્યો તથા હેલ્થકેર સમિતિના સભ્યો ઉપસ્થિત હતા.**

**પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે** જણાવેલ કે, શ્રી પાટણ જૈન મંડળ દ્વારા કોઈપણ જાતના જ્ઞાતિ ભેદભાવ વિના સાર્વજનિક ધોરણે હેલ્થકેર સેન્ટર પ્રવૃત્તિ વર્ષોથી ગોરેગામ, મરીનડ્રાઈવ તથા બોરીવલી ખાતે કાર્યરત છે. આ સાથે મીરારોડમાં ચોથું સેન્ટર શરૂ થતાં મીરા-ભાયંદરમાં વસતા સૌ આ સેવાનો લાભ લઈ શકશે. માંદગી સમયે કામમાં આવતા હૉસ્પિટલ બેડ, વ્હીલચેર, નેબ્યુલાઈઝર, સક્શન પંપ, ઓર્ડીનરી બેડ, વોકર, કોમોડ, એરબેડ, વોકીંગ સ્ટીક, ક્રચીશ ઈત્યાદિ સાધનોની સુવિધા ઉપલબ્ધ છે જે ડૉક્ટરના રેકમેન્ડેડ લેટર તથા માત્ર ડીપોઝીટની રકમ લઈ આપવામાં આવે છે.

ઉપરાંત ઓક્સિજન કોન્સનટ્રેટર મશીન પણ સામાન્ય ચાર્જીસ લઈ ટૂંક સમય માટે આપવામાં આવે છે. તેનો સર્વત્ર બહોળા પ્રમાણમાં લાભ લેવાઈ રહેલ છે. શ્રી પાટણ જૈન મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓ તેમજ ઉપરોક્ત કાર્યરત ત્રણેય સેન્ટરોની કાર્યસંચાલન પદ્ધતિથી પ્રભાવિત થઈ આ હેલ્થકેર સેન્ટર માટે વિશાળ જગ્યા વિનામુલ્યે ફાળવવામાં આવેલ છે તે બદલ સંસ્થા વર્ધમાન સંસ્કારધામના સર્વે હોદ્દેદારો પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

આ પ્રસંગે શ્રી માટુંગા વાસુપૂજ્ય જૈન ફાઉન્ડેશનના સહયોગથી **"RONUK" ડાયાલીસીસ સેન્ટરનું** ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. તેમાં આઠ અત્યાધુનિક ડાયાલીસીસ મશીનો સાથે ડાયાલીસીસ રૂા. ૫૦૦/- જેવા સામાન્ય દરે કરવામાં આવશે. ભવિષ્યમાં બીજા આઠ ડાયાલીસીસ મશીનો મુકવાનું પણ આયોજન છે તેની જાહેરાત **ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી બીપીનભાઈ દોશીએ તેમના વક્તવ્યમાં કરી હતી.**

❑ **હેલ્થકેર સમિતિ**




પ્રમુખ શ્રી બીપીનભાઈ દોશીનું વક્તવ્ય




દાતા પ્રતિનિધિ સાથે હેલ્થકેર સમિતિના સભ્યો



ડાયાલિસીસ મશીનના દાતાઓ તથા સંચાલકો

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

પરિવારોને રાહત મળશે. શ્રી પાટણ જૈન મંડળને એક કરોડ રૂપિયાનું પ્રથમ માતબર દાન આપનાર દાતા તરીકે શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ પરિવારે એક કાયમી કીર્તિમાન સ્થાપિત કરેલ, ત્યારે પણ આ પરિવારના શ્રી તુષારભાઈ અને શ્રી જયેશભાઈને સમાજે બિરદાવેલ.

મેડીકલ ક્ષેત્રે આપ જાણો છો તેમ દિવસે દિવસે ખર્ચ વધતો જ જાય છે. છેલ્લા ૩ વર્ષમાં મેડીકલ સહાય માટે લગભગ ૨૦% જેટલી અરજીઓમાં વધારો થયો છે. આપ સૌના સહકારથી અમે લગભગ ૩૦% જેટલી વધારે રકમ મેડીકલ સહાયમાં આપી શક્યા છીએ. જેની વિગત નીચે પ્રમાણે છે.

| Year | No.of Applications | Reimbursements Rs. |
|---|---|---|
| 15-16 | 1126 | 53,41,196 |

આ ઉપરાંત જે પ્રમાણે Heart Operation, Knee Operation અને કેન્સરના દર્દીઓની નાણાંકીય જરૂરિયાત અંગેની સહાય માટેની અરજીઓ મંડળમાં આવે છે તે ઘણી વધારે છે. ટૂંક સમયમાં પાટણ જૈન મંડળ મેડીકલ ફંડ માટે ડોનેશન અભિયાન ચાલુ કરવા માગે છે. અમે પાટણના દાતાઓને આ માટે અપીલ કરવાના છીએ. અમે હાલમાં કેટલાક દાતાઓનો સંપર્ક કર્યો તો તેમના તરફથી સકારાત્મક અભિગમ મળ્યો છે. જે આનંદની વાત છે. પાટણના પરિવારોને આવનારા વરસોમાં મેડીકલ ક્ષેત્રે પાટણ મંડળ તરફથી પૂરતો સહકાર આપવા અમે હમેશા પ્રયત્નશીલ રહીશું.

❑ દિનેશ શાંતિલાલ શાહ


### અગત્યની જાહેરાત

ભાયંદર (પૂર્વ)માં નવઘર રોડ ઉપર, ગ્રાઉન્ડ ફ્લોર પર સંસ્કાર સાધનાની ૨૦૦૦ સ્કે.ફૂટ જગા આવેલ છે. જેમાં પ્લેગ્રુપ, જુનીયર કેજી, સિનિયર કેજીના વર્ગો ચલાવવા માટે શિક્ષણ ક્ષેત્રે સેવાભાવના ધરાવતા બહેનની જરૂરત છે. સંચાલક તરીકેની જવાબદારી સાથે બાલમંદિર ચલાવવાનું રહેશે. યોગ્ય મહેનતાણું તથા જરૂરી સુવિધાઓ આપવામાં આવશે.

આ ઉપરાંત અમારી પાસે બીજી બે હજાર ફુટ જગ્યા ગ્રાઉન્ડ ફ્લોર પર છે, એમાં કોમ્પ્યુટર ક્લાસ, બ્યુટીશીયન ક્લાસ, લેડીસ જીમ વગેરે પ્રવૃત્તિઓ ચલાવવા માટે સંચાલકની તથા ટીચર્સની જરૂરત છે વિગતો સહ ઉપરોક્ત બન્ને પ્રવૃત્તિઓના સંચાલન માટે યોગ્ય વ્યક્તિઓએ સ્વહસ્તાક્ષરમાં બાયોડેટા સાથે અરજી નીચેના સરનામે મોકલવી સંપર્ક : મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ– ૨૨, મીરા , ૪થે માળે, ૨૨ એલ.ડી.રૂપારેલ માર્ગ, મુંબઈ – ૪૦૦૦૦૬ ફોન : 23695389 / 4196

ADVT


## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

I say it with great pride that Shri Pravinchandra Kesrichand Shah & family’s contribution to PJM is immeasurable, being the first to donate Rs. 1 Crore at one stroke to PJM. Shree Patan Jain Mandal will always be grateful to Tusharbhai and Jayeshbhai for their financial contribution.

We have been witnessing since last 3 years an exponential increase in our medical expenses, hence there is need to do more to alleviate the burden of the common man, which is what we are striving to do at PJM. In recent times we have received about 20% more applications for medical assistance. Due to everybody’s co-operation we have been able to allocate 30% more resources towards assisting families curtail their medical expenses. The details of which are as follows,

| Year | No.of Applications | Reimbursements Rs. |
|---|---|---|
| 15-16 | 1126 | 53,41,196 |

Besides the above mentioned applications for minor or age related medical assistance we also receive applications for assistance in combating major diseases such as Cancer, as also from those who have to undergo surgeries such as Heart operation, Knee Replacement to name a few. In the coming years we see a surge in these applications. Hence to finance these applications we are planning a Donation Drive to increase our Medical fund. For this purpose we appeal to all members to contribute generously so that the underprivileged avail of the best facilities without having to suffer monetarily. I am proud to say that we in Patan Samaj are blessed with generous donors, and many of them have shown keen interest in contributing towards this noble cause.

I would like to assure all members that PJM is always willing to help families from Patan meet their medical expenses with little or no financial burden on those who seek our assistance.

❑ Dinesh Shantilal Shah


PATOLA OF PATAN PVT. LTD

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

Tel (91-2766) 232172 / 222182

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

## તંત્રી સ્થાનેથી...

# વિકાસ–વ્યવહાર કે જીવહિંસા !

**"ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહું થોડો,
બનાવ્યું છે જગત્ એકે અને બીજો બગાડે છે..!''**

વિકાસના નામે કુદરતી સંપત્તિના થતા વિનાશે આજે વિશ્વના વાતાવરણ, આબોહવા તેમજ ઋતુઓમાં ગંભીર પરિવર્તન લાવી દીધું છે. વૃક્ષો અને પશુ-પક્ષીઓના સંહારે, અણુપ્રયોગો અને વિનાશક શસ્ત્રોના બેફામ વપરાશે, અણઘડ ઔદ્યોગિકરણ, ખાણ-ખોદકામ તેમજ જંગલોના વિચ્છેદને પૃથ્વી પરના પર્યાવરણને એટલી હદે પ્રદુષિત કર્યું છે કે હવે માનવીને **'હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે.'**

પૃથ્વીનો ગોળો ધગધગી રહ્યો છે, યુરોપના હવામાનશાસ્ત્રીના જણાવ્યા મુજબ અગાઉના સેંકડો વર્ષોની સરખામણીએ આ વખતે સૌથી વધુ ગરમી પડી રહી છે. અનિયમિત આબોહવા અને અતિશય ઠંડી-ગરમી, તેમજ વરસાદની અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિથી સર્જાતિ પરિસ્થિતિમાં નિઃસહાય પ્રજા **કાળનો કોળિયો** બની જાય છે.

ગ્લોબલ વોર્મિંગ પર અંકુશ મેળવવા વિશ્વસ્તરે સંવાદો તેમજ કોન્ફરન્સો યોજાય છે. તાજેતરમાં જ વિશ્વના ૧૭૧ દેશોએ પર્યાવરણમાનું પરિવર્તન રોકવા માટેના **પેરિસ કરાર** પર સહી કરવાની અભૂતપૂર્વ ઘટના બની છે. ગ્લોબલ વોર્મિંગને નાથવાના પ્રથમ પગથિયે દુનિયાના દેશોના સામુહીક પ્રયાસનું આ પ્રથમ **Positive** પગલું છે. પૃથ્વીના ગોળા પર સતત વધી રહેલ પ્રદુષણના હાનિકારક વાયુઓના પ્રમાણને કારણે વાતાવરણમાં ગરમી સતત વધતી રહે છે. હવે વિજ્ઞાનના માધ્યમથી વિશ્વના રાજપુરુષો વૃક્ષસૃષ્ટિ અને પશુસૃષ્ટિઓને બચાવવાની ટહેલ નાખે છે. તેમના મત અનુસાર પશુ-પક્ષી અને વૃક્ષોનું જતન નહીં થાય તો ભાવી પેઢીનું જીવન ખોરવાઈ જશે.

જૈન ધર્મ એ આ અંગે સૈકાઓથી પુરુષાર્થ આદર્યો છે. જીવહિંસા અને વૃક્ષના વિનાશ રોકવાના માર્ગ ચિંધ્યા છે. જૈનધર્મમાં દરેક તીર્થંકર ભગવંતોના લાંછન પશુ કે પક્ષી જ છે. દરેક તીર્થંકર ભગવાનને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ વૃક્ષ નીચે જ થાય છે. દરેક તીર્થંકર ભગવાનને દીક્ષા પણ વૃક્ષ નીચે જ લીધી હતી. એટલું જ નહીં બાવીસમાં તીર્થંકર શ્રી નેમનાથ પ્રભુએ તો પશુઓના પોકાર સાંભળી લગ્નની જાન પાછી વળાવી હતી. જૈન ધર્મમાં સુક્ષ્મ જીવહીંસાથી બચવાના ઉપાયો દર્શાવ્યા છે. વનસ્પતિ પણ સજીવ છે એમ જૈન ધર્મ અનાદિકાળથી કહે છે. આગલી સદીમાં ડૉ. જગદીશચંદ્ર બોઝે પ્રયોગ કરીને સાબિત કરી બતાવ્યું કે વનસ્પતિમાં પણ જીવ છે ત્યારથી જૈનધર્મની માન્યતાને વૈજ્ઞાનીક આધાર મળ્યો.

માનવીના જીવનમાં જેટલું મહત્વ વૃક્ષનું છે એટલું જ મુંગા અબોલ પશુઓનું પણ છે, એટલે જ જીભના સ્વાદ માટે છડે ચોક થતી ક્રુર જીવ હિંસાને રોકવી આવશ્યક છે. પ્રાચિનકાળથી વૃક્ષ-વનસ્પતિને સંજીવની ગણવામાં આવતી. જુના જમાનામાં યોગી - સાધકો ગીચ જંગલોમાં વસી આરાધના - તપશ્ચર્યાઓ કરતા અને ફળાહાર કરી ક્ષુધા તૃપ્તિ કરતા, તો બીજી તરફ નાની મોટી વ્યાધિઓમાં - ઈજાઓમાં વિવિધ છોડ, વેલ-પાનનો સદઉપયોગ કરી સુંદર સ્વસ્થ રહેતા. આ વૃક્ષો નાના મોટા અનેક જીવ-જંતુ, પશુ-પંખીઓ માટેનું આશ્રય સ્થાન બની રહેતા. આમ પશુ-પક્ષી, વૃક્ષો-વનસ્પતિ સમગ્ર જીવસૃષ્ટિનો એક અગત્યનો ભાગ છે જેમાં એકબીજાનું અસ્તિત્વ એકબીજા પર અવલંબિત છે.

સૂર્યપ્રકાશ પૃથ્વી ઉપર વસતી દરેક જીવસૃષ્ટિ માટે જરૂરી છે. સૂર્યપ્રકાશ દ્વારા કુદરતી રીતે ઉત્પન્ન થતી ઉર્જાને સોલાર એનર્જી કહેવાય છે. સોલાર એનર્જીના ઉપયોગથી પર્યાવરણને નુકશાન થતું નથી. સોલાર એનર્જી સૂર્યપ્રકાશ દ્વારા મફતમાં મેળવી શકાય છે. વૃક્ષોના પાંદડા લીલા રહેવામાં મદદરૂપ ક્લોરોફીલ વૃક્ષોને સૂર્યપ્રકાશ દ્વારા મળે છે અને તે તાજા રહે છે. સોલાર વિજળી દ્વારા ઘર, જાહેર રસ્તા અને ધંધાદારી સંકુલમાં પ્રકાશ મેળવી શકાય છે. વિશ્વભરમાં હવે વીજ ઉત્પાદન માટે વૈકલ્પિક સ્ત્રોતોના વિચાર અમલમાં મુકાઈ રહ્યા છે. દુનિયામાં સૌ પ્રથમ સોલાર સડક નેધરલેન્ડમાં ૨૦૧૪માં બનાવવામાં આવી જે ૭૦ મીટર લાંબી સોલાર પેનલ હતી. હવે તો અમેરિકા અને જાપાનમાંપણ સોલાર વોકીંગ ટ્રેક અને સોલાર માર્ગોમાં નાવીન્ય લાવવાના પ્રયાસો થાય છે.

અતિશય ગરમી-ઠંડીના ચક્રાવાતથી માનવજાતે બચાવવા માટે વિશ્વમાં એકબાજુ પર્યાવરણને પ્રદુષિત કરતી અણુવૈજ્ઞાનિક તેમજ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ સમજદારીથી કે કાનુની રીતે બંધ કરી અને બીજી બાજુ પુષ્કળ વૃક્ષો રોપીને તેમજ સોલાર એનર્જીનો મહત્તમ ઉપયોગ કરી પર્યાવરણ સુધારવા સમસ્ત દેશોએ **પેરિસ કરાર**મુજબ કટિબદ્ધ થાવું પડશે. તોજ આવનાર દશકમાં ક્રમશઃ વાતાવરણ અને આબોહવા સુધરી ઋતુચક્રની અનિયમીતતા દૂર થઈ શકે અને આકરા ઉનાળા તેમજ વરસાદ અને ઠંડીના અતિરેકથી બચીને ભવિષ્યની પેઢી સામાન્ય જીવન જીવી શકશે.

**❑ સંપાદક સમિતિ**


**MATRIMONIAL**

| | |
|---|---|
| **Name** | : **NIRAJ RASHMIKANT SHAH** |
| **Mahollo** | : Choudharini Sheri |
| **Father** | : Rashmikant Premchand Shah |
| **Mother** | : Nirupa Rashmikant Shah |
| **DOB** | : 21-12-1984 **Hight :** 5'6" (165 cm) |
| **Place** | : Mumbai |
| **Edu.** | : B.E. (Automobile)<br>M.S. (Automative From U.K.) |
| **Proffession** | : Engineer R & O<br>(Research & Development)<br>At Present at<br>Talegaon (Maharashtra) |
| **Resi.** | : A 9, Yashodhara, Shankar Lane,<br>Kandivali (W), Mumbai - 400067 |
| **Contact** | : 9870719520<br>Nirupa Shah Resi : 28613578 |
| **Email ID** | : shh.niraj@gmail.com<br>Once Engagment Brokan |

ADVT

# Details for corpus and sahay for Education

| Funds & Donors' Name | Corpus Rs.in Lacs | Applications Received | Requirement Rs.in Lacs | Sanction R.in Lacs |
|---|---|---|---|---|
| | 2015-16 | | | |
| **Pre Primary**<br>Maulik-Divyabalaben<br>Navinchandra Shah Fund | 16.00 | | | |
| **Std. I to IV**<br>Smt. Lilavati Khoobchand<br>Sarupchand Shah Fund | 10.18 | 30 | 6.53 | 1.69 |
| **Std.V to Graduation & Text book**<br>1 Sevantilal Kantilal Trust Fund<br>2 Shri Deepakbhai Champaklal Zaveri Fund | 115.07 | 119 | 18.76 | 11.12 |
| Text book | - | 18 | 0.16 | 0.10 |
| **Higher Education Books**<br>Shri Vadilal Chunilal Shah Fund | 10.50 | 7 | 0.07 | 0.04 |
| **Post Graduation Education**<br>Shri Amrutlal Mulchand Shah Fund | 10.51 | 10 | 3.83 | 2.23 |
| **Information Technology**<br>Shri Pankaj Chandrakumar<br>Manilal Zaveri (Saheba) Fund | 7.56 | 9 | 8.00 | 2.56 |
| **Computer Education**<br>Shri Popatlal Bhikachand Zaveri Fund | 8.50 | 6 | 2.15 | 0.86 |
| **Vocational Courses**<br>Smt.Hasumatiben Rameshchandra<br>Bapulal Shah Fund | 25.11 | 9 | 2.19 | 1.58 |
| **Buisness & Management**<br>Shri Jagdishbhai Manilal Sanghavi Fund | 15.00 | 8 | 4.94 | 1.56 |
| **Post-Graduation Merit Scholarship**<br>Keshavlal Kilachand Charitable Trust Fund | 2.00 | 2 | - | 0.20 |
| **Tutorials Class Education**<br>1 Shri Yashvadan Jesinglal Choksi Fund<br>2 Smt.Kusumben Rasiklal Himatlal Shah Fund | 33.14 | 24 | 11.14 | 4.09 |
| **C.A.** | - | 12 | 4.25 | 2.54 |
| **Company Secretary** | - | 2 | 0.87 | 0.65 |
| **Finance** | - | 2 | 0.50 | 0.35 |
| **Engeeniring**<br>Smt. Gunvantiben Pravinchandra<br>Kesrichand Shah Fund | 25.11 | 30 | 23.37 | 11.09 |
| **Womens Udhyam Talim**<br>Smt. Nirmalaben Shantilal<br>Rikhavchand Shah Fund | 8.78 | 3 | 0.26 | 0.12 |
| **Hostel** | - | 1 | 0.56 | 0.15 |
| **Medical Education**<br>Pramodbhai Bhogilal Uttamchand Zaveri Fund | 25.00 | 2 | 2.42 | 1.05 |
| **Shikshan Sahay Fund Mandal** | 07.71 | | | |
| **Grand Total** | **420.17** | **294** | **90.06** | **42.04** |
| **Revolving Fund ( Education ) Loan** | 155.90 | 21 | - | 43.45 |

# Details for corpus and sahay for Medical

| | 2015-16 | | | |
|---|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Applications Received** | **Requirement Rs.in Lacs** | **Sanction Rs.in Lacs** |
| **Medical Relief**<br>Smt.Sudhaben Pannalal Chudgar Fund | 45.00 | 62 | 17.02 | 6.48 |
| **Medicine Relief**<br>Shri Pravinchandra Keshrichand Shah | 61.11 | 366 | 13.33 | 9.12 |
| **Mother & Child Health Care**<br>Smt. Subhadraben Vrajlal Ambalal Shah Fund | 9.3 | 17 | 2.35 | 1.62 |
| **Pediatric Treatment**<br>Smt Madhurika Narendra Shah Fund | 16.00 | 3 | 1.72 | 1.06 |
| **Neurological Treatment**<br>Smt.Sushilaben Kantilal Nagardas Shah Fund | 5.51 | 6 | 6.35 | 2.99 |
| **Kidney Treatment**<br>Shri Champaklal Mafatlal Chudghar Fund | 12.50 | 19 | 3.02 | 1.91 |
| **Cancer Treatment**<br>1. Jabhalawala Pariwar Fund<br>2. Shri Kirtilal Somchand Shah Fund<br>Cancer Fund General Mandal Fund | 26.65 | 10 | 4.66 | 2.50 |
| **Cancer Surgery**<br>Shri Chandrakumar Manilal Uttamchand Zaveri (SAHEBA) Fund | 11.11 | 3 | 3.00 | 1.80 |
| **Eye Check-up**<br>Smt. Maniben Amrutlal Jeshinglal Shah (Pattni Opticians) Fund | 6.75 | 10 | 1.45 | 0.94 |
| **Heart Care Treatment**<br>1. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund<br>2. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund | 59.17 | 35 | 10.45 | 5.22 |
| **Mediclaim Policy Premium Reimbersement**<br>1. Shri Bhogilal Chunilal Jhaveri Fund<br>2. Shri Devchand Nagardas Zaveri Fund<br>Mediclaim Fund General Mandal | 27.11 | 439 | 18.68 | 8.41 |
| **Orthopedic Treatment**<br>Smt. Kalavati Kantilal Mafatlal Chudgar Fund | 10.29 | 22 | 7.78 | 3.27 |
| **ENT Treatment**<br>Smt. Gulabben Ramanlal Nagindas Shah Fund | 25.00 | 5 | 0.70 | 0.54 |
| **Diabetes**<br>Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 7.51 | 25 | 11.52 | 3.90 |
| **Dialyses**<br>Nirmalaben Ravindrabhai Mohanlal Shah Fund | 23.00 | 2 | 0.44 | 0.22 |
| **Dental Surgery**<br>Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah Fund | 25.00 | 10 | 1.00 | 0.68 |
| **Investigation & Diagnosis**<br>1. Smt Subhadraben Ramanlal Shah Charitable Trust Fund<br>2. Shri Ramanlal Popatlal Shah Charitable Trust Fund | 11.02 | 94 | 5.96 | 2.70 |
| **Medical Fund General Mandal** | 106.67 | | | |
| **Total** | **488.70** | **1128** | **109.50** | **53.42** |

## Social Upliftment Corpus Fund and Relief

| | 2015-16 | | |
|---|---|---|---|
| **Funds & Donors' Name** | **Corpus Rs.in Lacs** | **Application in Nos.** | **Sanction Rs.in Lacs** |
| **Aarthik & Bhada Sahay** | | | |
| 1. Smt Motiben Manilal Vadilal Zaveri Fund | 18.94 | 67 | 4.45 |
| 2. Smt. Hansaben Rameshchandra Chabildas Jhaveri Fund | 29.00 | | |
| **Bhada Sahay** | - | 93 | 2.75 |
| **Mandal Fund** | **35.28** | | |
| **Total** | **83.22** | **160** | **7.20** |
| **Mahila Utkarsh Sahay** | | | |
| Late Kanchi Jatinkumar Zaveri (Saheba) Fund | 14.52 | 50 | 3.95 |
| **Mandal Fund** | **3.30** | | |
| **Total** | **17.82** | **50** | **3.95** |
| **Senior Citizen Sahay** | | | |
| 1. Shri Kesarichand Jesinglal Shah Fund | 20.67 | 118 | 9.12 |
| 2. Smt Kantaben Chimanlal Shah Fund | 7.50 | | |
| 3. Smt. Kalaben Laxmichand Zaveri Fund | 7.50 | | |
| **Mandal Fund** | **67.64** | | |
| **Total** | **10.31** | **118** | **9.12** |
| **Viklang Utkarsh Sahay** | | | |
| 1. Shri Alkesh Bhadrakumar Memorial Trust Fund | 9.05 | | |
| 2. Shri Pannalal Mafatlal Chudgar Fund | 11.70 | | |
| 3. Smt.Niruben Sevantilal Dalpatchand Shah Fund | 7.62 | | |
| **Mandal Fund** | **45.63** | **28** | **6.04** |
| **Total** | **74.00** | **28** | **6.04** |
| **Grand Total** | **278.35** | **356** | **23.06** |

**સહાયનું સરવૈયુ:-** શ્રી પાટણ જૈન મંડળમાં શિક્ષણ સહાય મેળવવા તથા મેડીકલ સહાય મેળવવા અંગેની આવેલી અરજીઓ અનુક્રમે ૨૯૪ અને ૧૧૨૮ની ડીમાન્ડ અનુક્રમે ૯૦ લાખ અને ૧૧૦ લાખની સામે મર્યાદિત આવક સ્ત્રોત હોવાના પરિણામે લગભગ ૫૦% જેટલી જ જરૂરિયાત મંડળ પૂર્ણ કરી શકેલ છે. ત્યારે આ દિશામાં સૌનું ધ્યાન દોરવું આવશ્યક બની ગયેલ છે. અને અરજદારોની શક્યતઃ પુરી ડીમાન્ડ સંતોષી શકવા વધુમાં વધુ રકમની ભેટો અથવા ભંડોળ મંડળને સમર્પિત કરવા પાટણ જૈન સમાજને ખાસ વિનંતી. ❑ **શ્રી પાટણ જૈન મંડળ**


**“જગ્યા વેચવી છે”**

**લીમડીના પાડે, પાટણ ખાતે જગ્યા વેચવાની છે, એક દરવાજો મહોલ્લામાં અને બીજો સાંકડી શેરીમાં પડે છે.**

સંપર્ક : **યશવંતભાઈ પૂનમચંદ શાહ**

**મો. 9819146997**

ADVT


## શુભ વિવાહ

**સંવત ૨૦૭૨, ચૈત્ર વદ ૭ શુક્રવાર, તા. ૨૯-૪-૨૦૧૬**

શ્રી મનોજભાઈ ચીનુભાઈ શાહના સુપુત્ર **ચિ. જીગર** (મલ્લાતનો પાડો)

શ્રી નિકેશભાઈ શાંતિલાલ શાહની સુપુત્રી **ચિ. દર્શી** (ઢંઢેરવાડો)

**સંવત ૨૦૭૨, ચૈત્ર વદ ૯ રવિવાર, તા. ૧-૫-૨૦૧૬**

શ્રી વિજયભાઈ રતિલાલ શાહના સુપુત્ર **ચિ. ધ્રુવકુમાર** (લુણાવા)

શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહની સુપુત્રી **ચિ. બિંદી** (લખીયાર વાડો)

# સંસ્કાર - શિબિર - અભિયાન અહેવાલ



સામાયિક કરી રહેલ શિબિરાર્થીઓ



કથાનક રજુ કરી રહેલ શ્રી વિપુલભાઈ, શ્રી મિલનભાઈ તથા શ્રી ચંદ્રકાન્તભાઈ પંડિત



સામુદાયિક પ્રભુપુજા કરી રહેલ શિબિરાર્થીઓ

પાટણ નગરની ધન્ય ધરા ઉપર ચૈત્ર વદ ૧, તા. ૨૩-૪-૨૦૧૬ થી ૨-૫-૨૦૧૬, ચૈત્રવદ ૧૦ દરમ્યાન ૧૦ દિવસની સંસ્કાર શિબિરનું આયોજન **શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ** - પાટણ શુભસ્થાને થયેલ. જેમાં પાટણ નગરના જ ૭ થી ૧૫ વર્ષની ઉંમરના - ૫૫ બાળકો જોડાયા હતા.

પ્રથમ દિવસે (પ.પૂ. આ ભ.શ્રી બોધિત્ન સૂરીશ્વર મ.સા)ના પ્ર શિષ્યરત્ન પ.પૂ. મુ. શ્રી વિશ્વરત્ન વિ.મ.સા.ના શ્રીમુખેથી મંગલાચરણ શ્રવણ કર્યાબાદ પાટણ નગરના પ્રતિષ્ઠિત સેવાભાવી ડૉ. શ્રી સુભાષભાઈ, ડૉ. શ્રી હેમેન્દ્રભાઈ, ડૉ. શ્રી ઉમેશભાઈ, ડૉ. શ્રી જે.કે. શાહ, ડૉ. શ્રીમતી સ્પીનાબેન આદિ ૮ મહાનુભાવો દ્વારા દિપક પ્રગટાવી માઁ શારદાની સ્તુતિપૂર્વક શિબિરનો શુભારંભ થયેલ...

શિબિર પ્રતિદિન સવારે ૯ થી ૧૨ કલાકે ચાલતી, જેમાં પ્રથમ શ્રી સરસ્વતી પ્રાર્થના ત્યારબાદ પૂ. મુ. શ્રી વિશ્વરત્ન વિ.મ.સા.નું જીવનને સંસ્કારિત કેમ બનાવવું તથા પ્રભુશાસનની ગરિમાં તથા પ્રભુશાસનને ક્યા કયા તત્વોથી ખતરો છે આ વિષયને મુખ્ય રાખી પ્રવચન થતું હતું. ત્યારબાદ વિવિધ કથાનકો દ્વારા ધર્મનો પ્રભાવ. પ્રતિજ્ઞાનો પ્રભાવ વિગેરે વિષયો સમજાવવામાં આવતા. દરરોજ ૧/૧ નવી નવી ભાવવાહી સ્તુતિઓ અભ્યાસકોને કંઠસ્થ કરાવવામાં આવતી. પ્રતિદિન કર્મવિષયક, પર્વ વિષયક, તીર્થ વિષયક, સૂત્ર વિષયક ઈત્યાદિ અનેક વિષયક ૧૦/૧૦ પ્રશ્નો તથા તેના ઉત્તરો સમજાવીને લખાવવામાં આવેલ. ૧૧/૩૦ થી ૧૨/૦૦ કલાક દરમ્યાન પ્રતિદિન સમજાવેલ વિષયોની લેખિત પરીક્ષા લઈને સારા માર્કસ લાવનાર વિદ્યાર્થીનું બહુમાન કરવામાં આવતું. પ્રતિદિન સુંદર પ્રભાવના તથા નાસ્તો વિગેરે આપવામાં આવેલ.

તા. ૧-૫-૨૦૧૬ના સામૂહિક પ્રભુપૂજાની વિધિનું પ્રેક્ટીકલ નોલેજ સામુદાયિક પ્રભુપૂજાનું આયોજન અષ્ટાપદજીના જિનાલયમાં કરી આપવામાં આવેલ. ૧ દિવસ સામુદાયિક સામાયિક દ્વારા વિધિનું વિજ્ઞાન સમજાવવામાં આવેલ. સ્તુતિનો વિષય મધુરકંઠી શ્રી વિપુલભાઈ શાહે તથા કથાનકનો વિભાગ શ્રી મિલનભાઈ સંઘવીએ સુંદર રીતે રજુ કરેલ. જ્યારે પ્રશ્નોનો વિભાગ સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં અભ્યાસ કરતી વિવિધ નગરોમાંથી પાટણ આવીને વિવિધ વિષયોને ભણતી મુમુક્ષુ બહેનોએ સંભાળેલ...

શિબિરની ફલશ્રુતિ રૂપે ૧૨ વર્ષની - ૧ તથા ૧૩ વર્ષની - ૧ બાલિકાએ ૮૧૦૦ દિવસ લગભગ ૨૨ વર્ષ સુધી પ્રતિદિન ૧/૧ નવી ગાથાની ૧/૧ લાઈન ગોખવાનો તથા ૧૨ વર્ષના ૨ બાળકોએ ૭૫૦ દિવસ સુધી, તો કોઈક બાળકોઓ ૧૨ માસ, કોઈક બાળકોએ ૮ માસ - ૯ માસ - ૧૧ માસ સુધી પ્રતિદિન ૧/૧ લાઈન ગોખવાનો નિયમ લીધેલ...

શિબિરમાંથી વિસર્જન સમયે અભ્યાસકોનો એક જ નાદ હતો કે ગુરુજી... હવે જલ્દી જલ્દી બીજી શિબિર ગોઠવજો અમો પાટણવાશી સુરત - અમદાવાદ રહીએ છીએ અમો ત્યાંથી શિબિરમાં આવીશું. આવી અંતર - અભિલાષા વ્યક્ત કરી હતી.

શિબિરના આ પ્રથમ પ્રયોગને ખૂબ સારી સફળતા મળી. નાના ઉગતા બાળકોમાં ધાર્મિક સંસ્કાર અને જ્ઞાનની વાવણી કરવાનો ઉદ્દેશ મહત્તમ પૂર્ણ થયો. રજા દરમ્યાન જ્ઞાન, સમજ અને અનુષ્ઠાનો વિશેની બહુ વાતો બાળકોએ આદરપૂર્વક અપનાવી. આવા પ્રયોગને સફળતા પૂર્વક પંડિતવર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ સંઘવી તથા જ્ઞાનપીઠમાં ભણતા ભાઈ-બહેનોએ ઘણા ઉત્સાહ પૂર્વક - વિશેષ શ્રમ લઈ પાર પાડ્યો.

પ.પૂ. વિશ્વરત્ન વિજય મહારાજ સાહેબે રોજ પધારી બાળકોને જુદા જુદા વિષય પર પ્રેક્ટિકલી સમજાવ્યું માટે તેમનો ખૂબ જ આભાર.

❑ **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ**


## MATRIMONIAL

**Name** : **ANKIT NITIN PATANI**
**Mother & Father Name:** KALPANA NITIN PATANI
**DOB** : 01-11-1982 **TOB:** 03:46 AM
**POB** : MUMBAI
**Residence** : SOUTH MUMBAI
**Native** : PATAN, MANMOHANJI NI SHERI
**Cast** : JAIN, VISHASHRIMALI
**Education** : B.COM & DBM
**Occupation**: BUSINESS OF ENGG. TOOLINGS.
**Contact No.**: ANKIT - +91 9819102091
NITIN - +91 9819802091
**E-Mail** : ankit_anp@yahoo.com
ptc_nitin@rediffmail.com

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ





# "મોનસુન મ્યુઝિકલ મસ્તી"

**શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરિત..... પ્રોગ્રામ સમિતિ આયોજિત**

સ્ટાર ગાયક સંજય સાવંત.... સાથી વૃંદ અને

દિગ્ગજ કોમ્પેરર પ્રશાંત રાવની **જુગલબંધી**

*વરસસે જુના નવા ગીતો મુશળધાર,*
*હશે હાસ્ય ધોધમાર, સાથે જમવાનું જોરદાર*

## શનિવાર, તા. ૧૮ જુન ૨૦૧૬

*ચોવીહાર સમય સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાકે (રાત્રિભોજન નિષેધ) • કાર્યક્રમ સમય ૭.૦૦ થી.*

**સ્થળ : પાટકર હોલ , ન્યુમરીનલાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦**

તમારા ડોનેશન પાસ તા. ૫-૬-૨૦૧૬થી મંડળના મુખ્ય કાર્યાલય ખાતેથી મેળવી લેવા વિનંતી.
વધુ વિગત માટે સંપર્ક શ્રી પાટણ જૈન મંડળ 22811346 - 22811218

❑ પ્રોગ્રામ સમિતિ

## વિવિધ સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ - ૨૦૧૬થી માર્ચ - ૨૦૧૭ના વર્ષ માટે મંડળમાંથી આર્થિકસહાય, ભાડા સહાય, વૃદ્ધજન સહાય અને મહિલા ઉત્કર્ષ સહાયના અરજીપત્રકો આપવાનું શરૂ થઈ ગયેલ છે. જે અરજીપત્રક સંપૂર્ણ વિગત સાથે ૧૦ જૂન, ૨૦૧૬ સુધીમાં ભરીને નીચે મુજબના સરનામે મોકલી આપવાના રહેશે.

આ અરજીપત્રકો સમયસર ભરાઈને આવેથી નવા વર્ષની મંજુર થયેલ સહાય તમારા બૅન્ક ખાતામાં ECSની સુવિધાથી ટ્રાન્સફર કરવામાં આવશે.

સહાય લેનારનું (૧) બૅન્ક ઓફ બરોડા (૨) પાટણ કો.ઓ.બૅન્ક લિ. અને (૩) ગ્રેટર બૅન્ક, આ ત્રણ બૅન્કમાંથી કોઈપણ એક બૅન્કમાં ખાતું હોવું ફરજિયાત છે. અરજીપત્રક સાથે એક કેન્સલ ચેક ફરજિયાત મોકલવાનો રહેશે.

નોંધ : અધૂરી વિગતોવાળું અરજીપત્રક પર ધ્યાન આપવામાં આવશે નહીં.

### અરજીપત્રક મેળવવાના સ્થળો

(૧) શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : ૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ -૪૦૦૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮

(૩) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : રૂ૫મ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨. ફોન : ૨૮૭૭૬૦૯૦

(૪) શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય : શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેરી, પાટણ - ૩૮૪૨૬૫. ફોન : (૦૨૭૬૬)૨૨૦૭૧૫

(૫) શ્રી નિલેશ કાન્તિલાલ શાહ : પટ્ટણી એજન્સી, ૭/૧૦/બી, સર્વોદય એપાર્ટમેન્ટ, નારાયણ નગર, ભાયંદર (વે). ફોન : ૨૮૧૮૧૮૬૧ મો. ૯૩૨૧૧૫૦૧૬૦

❑ શ્રી પાટણ જૈન મંડળ

# વર્ધમાન સંસ્કાર ધામ દ્વારા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં થઈ રહેલ રાહત કાર્યો


નિ:શુલ્ક ભોજનનો લાભ લેતા દુષ્કાળ પિડિતો


ખેડૂત પિતા સાથે B.E. કરતી પુત્રી અને NASAના ગોલ્ડ મેડલિસ્ટ પુત્ર


''કેટલ કેમ્પ'' શેડમાં સુરક્ષિત પશુઓ

**મહારાષ્ટ્રના મરાઠાવાડામાં અને લાતુર જીલ્લાના ગામડાઓમાં છેલ્લા બે વર્ષથી ભયંકર દુકાળની પરિસ્થિતિ છે.** પશુઓને ઘાસચારો અને માણસો માટે અનાજ નથી. પીવાના પાણીની ભયંકર તંગી છે. આવી પરિસ્થિતિમાં પોતાના નિર્વાહ માટે ખેડૂતો લાચારીથી પશુઓને વેચી પૈસા ઉભા કરે છે આ પશુઓને કતલખાને પણ જાય છે.

**સમસ્ત મુંબઈ જૈન સંઘના** બેનર હેઠળ **શ્રી વર્ધમાન સંસ્કાર ધામ** તથા સ્થાનિક સંઘોના નિષ્ઠાવંત કાર્યકરોના સાથ સહકારથી દુષ્કાળ પીડીતો માટે ઉમદા કાર્ય કરવામાં આવી રહેલ છે. આ સમગ્ર વિસ્તારમાં વસતા સાધર્મિકોનો સર્વે કરવામાં આવેલ છે. અત્રે જૈનોની વસતી સારા પ્રમાણમાં છે જેમા લગભગ ૯૭ પરિવારોની સ્થિતિ ખૂબજ દયનીય છે.

દુષ્કાળની પરિસ્થિતિ અને રાહતકાર્યોનું અવલોકન કરવા વર્ધમાન સંસ્કાર ધામ દ્વારા ૬-૫-૨૦૧૬ થી ત્રણ દિવસ માટે **''કરુણા તીર્થ યાત્રા પ્રવાસ''** યોજવામાં આવેલ. આ પ્રવાસમાં ૭૦ સમાજસેવકો સાથે શ્રી પાટણ જૈન મંડળના સ્પોર્ટ સમિતિના સેક્રેટરી અને સામાજિક કાર્યકર **શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ (ડાયરેક્ટર)** પણ જોડાયા હતા. તેઓએ લાતુર, ઔરંગાબાદ, સંગમનેર, માલેગાંવ, ડોંગરેલ, ધુલીયા, ચાલીશગામ, અમરનેર, જુણાવણે તેમજ બલસાણા તીર્થે કેટલ કેમ્પનું નિરિક્ષણ કરેલ.

એપ્રિલ મહિનાથી રાહત કાર્ય ચાલે છે જેમાં જૈન સંઘો અને સંસ્થાનો સારો પ્રતિસાદ મળેલ છે. દરેક સ્થળોએ ગરમીથી રાહત માટે ટેંકર દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં, પશુઓને કપડાના શેડ નીચે છાયડામાં રાખ્યા છે અને ઘાસચારો આપવામાં આવે છે. બધી પાંજરાપોળમાં આશરે ૧૨૦૦૦ પશુઓને સાચવવામાં આવે છે,.

૭૦૦૦ ફેમિલીને ૧૦ જુદા જુદા વિતરણ સ્થળો ઉપરથી રૂા. ૫૦ લાખની કિંમતનું અનાજ આપવામાં આવેલ છે. અમલનેરમાં આજુબાજુના ગામડામાંથી ૪૦૦ માણસોને દરરોજ એક વખતનું ભોજન નિ:શુલ્ક આપવામાં આવે છે.

જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને આવક રળવા સિલાઈ મશીન તથા ચાર પૈડાવાળી ફ્રુટની રેકડીઓ પણ વિનામૂલ્યે આપવાનું આયોજન છે.

સરકાર અને શાસનનો સારો સહકાર મળવાથી રાહત કાર્ય વધુ સારી રીતે થઈ શક્યું છે. લાતુરના **કલેક્ટર શ્રી પાંડુરંગ પોલે** કાર્યકરોની અને આયોજકોની આયોજન પદ્ધતિ અને નિષ્ઠા જોઈ એટલા પ્રભાવીત થયા કે કેટલાક વિસ્તારમાં સરકારી ટેંકરના પાણીના ડિસ્ટ્રીબ્યુશનની જવાબદારી પણ વર્ધમાન સંસ્કારધામના કાર્યકરોને આપી.

આ તબક્કે ખાસ લખવાનું કે, સતત બે વર્ષથી પડતા દુષ્કાળના લીધે સંપન્ન ખેડૂતો પણ કંગાળ બની ગયા છે તેમના બાળકો માટે સ્કુલ-કૉલેજની ફી ભરવાના ફાંફા હોવાથી શાળામાંથી અધવચ્ચે ઉઠાડી મુકાય તેવી પરિસ્થિતિ નિર્માણ થયેલ છે, આવા કુટુંબોને શૈક્ષણિક ફીની સંસ્થાદ્વારા મદદ કરવામાં આવે છે, તેમાના એક ખેડૂતના પુત્ર **NASAની પરીક્ષામાં ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરી પ્રથમ આવ્યો છે તેનો સૌને ગર્વ છે. તેમજ તેની બહેન **B.E. Civil Engg.** નો અભ્યાસ પૂર્ણ કરવાના આરે છે. આવા વિદ્યાર્થીઓ માટે પણ સંસ્થા દ્વારા આર્થિક મદદ કરાય છે.

અંતમાં એટલું જ જણાવવાનું કે તારક તીર્થંકર પરમાત્માએ ફરમાવેલ છે કે, જૈનોએ તેમના કર્તવ્ય પોતાની સંપત્તિનો ઉપયોગ સાત ક્ષેત્રે તેમાંય ખાસ કરીને **જીવદયા, અનુકંપા, સાધર્મિક ભક્તિમાં ઉલ્લાસભેર કરવો જોઈએ.** વર્ધમાન સંસ્કારધામના મહારાષ્ટ્ર દુષ્કાળ રાહતફંડમાં આર્થિક સહયોગ આપીને એક સાથે જીવદયા, અનુકંપા અને સાધર્મિક ભક્તિનું પરલોકનું ભાથું બાંધવાનો અવસર વધાવી લેવાની સર્વેને નમ્ર વિનંતી છે. સંસ્થાને આપેલ દાન **80G** કલમ હેઠળ કરમુક્ત છે. **ચેક :-**

**VARDHMAN SANSKAR DHAM**
**ICICI Bank A/c No. 026101000206**
**IFSE Code : ICIC0000348**
**Branch : Opera House, Mumbai**

# ઊષાનો ઉલ્લાસ.... પિતા !!

આ દુનિયામાં માતાની મમતા અને પિતાની ક્ષમતાનો અંદાજ લગાડવો એ સંભવ જ નથી. વયોવૃદ્ધ પિતાનો કાંપતો હાથ જ્યારે આશિષ આપવા સંતાનનાં શિષ ઉપર મૂકાય છે, ત્યારે એ સંતાનને જાણે સમગ્ર સૃષ્ટિની સંપૂર્ણ સંપત્તિ મળ્યાનો સંતોષ સાંપડે છે. આપણી માન્યતા મુજબ પિતા એટલે પરમાત્માએ આપણને આપેલ અણમોલ ઉપહાર અવશ્ય છે.

વિશ્વભરમાં જૂન માસના ત્રીજા રવિવારે 'ફાધર્સ ડે'ની ઉજવણી થાય છે. આ 'ફાધર્સ ડે' પ્રથમ વખત ૧૯ જૂન, ૧૯૧૦માં વૉશિન્ગટન શહેરમાં એક પિતાએ એકલા હાથે છ બાળકોનો ઉછેર કર્યો હતો, માટે તેમની ૨૭ વર્ષીય દીકરી સોનોરા સ્માર્ટ ડીડે, તેના પિતાનાં સ્નેહ અને વાત્સલ્યને માન આપવા આ દિવસે 'ફાધર્સ ડે' તરીકે ઉજવી સમર્પિત કરેલ, ત્યારથી પ્રતિવર્ષ 'ફાધર્સ ડે' ઉજવાય છે.

સામાન્યતઃ સંતાનો મહદ્અંશે તેમના પિતાથી પ્રભાવિત થયેલ હોય છે. પેતાની જેમ જ સ્વભાવ, ખાવાની ટેવ, સૂવાની અદા, વાતચીત કરવાની અદા, ચાલવાની છટા વગેરે દરેક કાર્યો - વ્યવહારમાં તેમનાં પિતાનું જ પ્રતિબિંબ છલકાતું હોય છે. ક્યાંક જ પિતાના છત્રરહિત સંતાનનાં વ્યવહારમાં માતાના લક્ષણો વરતાય...!

સંતાનોને માત્ર પિતાનું નામ કે સંપત્તિ જ નથી જોઈતી, તેમને જોઈએ છે થોડો 'ડેડ ટાઈમ' જેમાં તેમનાં 'ડેડ' તેમની સાથે સમય વીતાવે, નાના-મોટી સઘળી વાતો સાંભળે, સ્કૂલમાં કરેલ ચિત્રો જુવે, તેમના માટે કાળજી દાખવે, તેમને સલાહ - મંતવ્ય આપી માર્ગદર્શન કરે. પિતાનો માત્ર અલપઝલપનો સ્પર્શ - જેમ કે કપાળ ઉપર વહાલ કરવું, સ્કૂલે મોકલતાં પહેલાં હગ કરવું, વાળને સહેજ વિખેરી લેવા વગેરે, પણ પ્રેમનો મૂક સંકેત આપી શકે છે.

યાદ આવે છે એક ભૂલકીનાં શબ્દો :-
મને પપ્પાથી અધિક સાંજ પ્રિય છે.
કેમ કે... પપ્પા તો માત્ર રમકડાં લાવે છે;
પરંતુ.... સાંજ...
સાંજ તો પપ્પાને લાવે છે!

બાળકો આખો દિવસ સાંજની અધીરાઈથી વાટ જોતાં હોય છે. જ્યારે તેમનાં પ્રેમાળ પપ્પા કામથી ઘરે પાછા આવશે.... એમનાં માટે આજે રમકડાં, કપડાં, વાનગી લાવ્યા હશે.... ''રાત્રે ક્યાં ફરવા લઈ જશો પપ્પા?'' એવું બે ધડક પૂછી શકાશે. અરે, સાંજની અધીરાઈમાં ઓફિસે ગયેલ પપ્પાને ભલે તેમની પત્નીનો ફોન ના આવે પરંતુ સંતાનોના ફોન ચોક્કસ આવી જ જાય... ''પપ્પા, સાંજે કેટલા વાગે આવશો?'', ''પપ્પા, આજે ઘરે આવતાં ફલાણી દુકાનમાંથી મારી ભાવતી કેક લાવવાનું ભૂલતાં નહીં.'' આમ ક્યારેક વડાપાવ તો ક્યારેક દાબેલી, ક્યારેક ચાઈનીઝ ભેળ તો ક્યારેક બંગાળી મીઠાઈ... જ્યારે જે મન થયું તે બેધડક મંગાવી લેતા સંતાનને ક્યાં જાણ હોય છે કે મારા પિતા એ વાનગીઓ તો અચૂક લાવશે જ પણ તેમાં અદૃશ્ય હેત ઉમેરીને....!

આ પિતાને... ડેડી, બાબા, અબ્બા, પપ્પા, બાપુજી... કંઈ કેટલાંય સમાનાર્થી શબ્દોથી સંબોધી શકાય છે. પિતા, સંતાનને આંગળી પકડીને ચાલતાં શીખવે છે. પિતા; સંતાનની સફળતા જગત સમક્ષ ગૌરવાંકિત કરતાં પણ ખચકાતા નથી. 'પરેશના પિતા છે' એમ ઉદ્બોધનથી પણ સ્વમાન ગુમાવતા નથી. પ્રત્યેક પિતા તેમનાં સંતાનો માટે શક્તિ, બુદ્ધિ ચાતુર્ય અને આશાનો પથ્થર મૂકી આપે છે કે જેના આધારે બાળકો તેમના ભાવી શમણાઓની ઈમારત રચી શકે.

**પુત્રના સગપણમાં હર્ષથી તરબોળ થતાં પપ્પા;**
**પુત્રીની વિદાયે અશ્રુથી ઓળઘોળ થતાં પપ્પા.**

સંતાનની ભૂલો બદલ ઠપકો આપતા પિતા બહારથી કઠોર પણ ભીતરથી કોમળ હોય છે. દીકરો જ્યારે જુદો થાય અને દીકરી જ્યારે સાસરે જાય છે ત્યારે સહુથી વધુ વ્યથિત પિતા જ હોય છે. પિતા એક ઘટાદાર વૃક્ષ છે જેની શીતલ છાયા હેઠળ સમગ્ર પરિવાર સુખેથી જીવે છે. જેમનાં આગ્રહમાં પ્રેમનું દર્શન હોય, વલણમાં લાગણીનું ચિંતન હોય અને તે થકી સંસ્કારોનું સીંચન કરનાર પિતા જ એક મકાનને 'ઘર' બનાવે છે.

માનો કે ન માનો, દુનિયાનાં દરેક પિતા પ્રેમ તો કરે છે પરંતુ પ્રદર્શિત નથી કરી શકતા...! પોતાનું સંતાન જો શૈક્ષણિક અભ્યાસ દરમ્યાન નાપાસ થાય તો તેનું દુઃખ તેના પિતાને પણ એટલું જ અનુભવાતું હોય છે; સંતાનને સતાવતી નાની-મોટી માંદગીની અસહ્ય વેદના પિતા પણ વેઠતાં હોય છે, સંતાનની શારીરિક હાડમારી કે માનસિક પીડા પિતાને અકળાવી નાખે છે પણ તેઓ મુક્ત રીતે અભિવ્યક્ત નથી કરી શકતા.. બસ, મૂક બની નિરખ્યા જ કરે છે, મનોમન સહ્યા જ કરે છે.

જીવનમાં પોતે વેઠેલ તમામ તકલીફો પોતાના સંતાનને ના ભોગવવી પડે તેની પૂરી તકેદારી રાખે અને આજીવન એકમાત્ર ઝંખના કે પોતાને ના મળેલ સુખ સાહ્યબી સંતાનને સાંપડે..! પિતા પોતે ભલે ઓછું ભણેલા હોય પણ પુત્રને સી.એ./ડૉક્ટર / એન્જિનિયર બનાવવા જાત ઘસી નાંખે; પોતે ભલે આખી જિંદગી સાદગી - કરકસરથી જીવેલ હોય પણ સંતાનના સઘળાં શોખો પૂરા કરી ઉચ્ચ જીવન શૈલી આપવા કાજે પોતાની તમામ મૂડી, માન - અપમાન બધું જ હારવા હસતાં મુખે તૈયાર હોય...!

પિતા એક સરસ શ્રોતા હોય છે કે પિતા અને પુત્ર પચ્ચેની અતૂટ કડી બને છે, કે પછી માતા, ધર્મપત્ની અને પુત્રી સાથે તાદાત્મ્ય સાચવીને ઘરમાં ઐક્ય જાળવે છે. પિતા એક સારા વક્તા પણ હોય છે કે જે અસરકારક સંવાદ દ્વારા સહુને આકર્ષી શકે છે.

પિતા બનવા માટે સંતાન હોવા જ જોઈએ, એમ આવશ્યક નથી! જો તમારામાં પિતાનું હૃદય ધબકતું લેતું હોય તો તમે કો'ક અંગત સંબંધમાં પણ એક પિતા તરીકેનું વાત્સલ્ય, હૂંફ, હેત વરસાવી શકો છો.

સાચે જ, પિતા એટલે... આકાશની વિશાળતા, સૂર્યનો ઉજાસ, ચાંદની રાતની શીતળતા, પર્વતની અડગતા, સાગરની ગંભીરતા, ધૈર્ય - સમજદારી અને સ્નેહના સરવાળાનું અને હા ઉલ્લાસ તો ખરોજ, ...!

❑ ઊર્વી નરેન્દ્રભાઈ ઝવેરી

## સંસ્થા સમાચાર

❖ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય, પાટણ** જેઠ સુદ પાંચમ ગુરુવાર, તા. ૯-૬-૨૦૧૬ના ૬૦મી સાલગીરી નિમિત્તે નીચે મુજબ કાર્યક્રમ રાખેલ છે.

જેઠ સુદ ચોથ, બુધવાર તા. ૮-૬-૨૦૧૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે અઢાર અભિષેક, રાત્રે ભાવના તે જ દિવસે દાદાની ધજાનો ચઢાવો બોલવામાં આવશે અને આદેશ સાલગીરીના દિવસે સવારે આપવામાં આવશે. અષ્ટાપદજી દહેરાસર તથા પંચાસરા પરિસરમાં આવેલ પાંચેય જિનાલયના દહેરાસરનો ચઢાવો જેઠ સુદ-૪ની રાતની ભાવનામાં બોલાવવામાં આવશે અને તે જ સમયે તેનો આદેશ પણ આપાશે. શ્રી મૂળ નાયકની ધજા તથા દેરીઓની ધજા જેઠ સુદ-૫ બપોરે ૧૨:૩૯ કલાકે ચઢાવવામાં આવશે.

મુંબઈ તેમજ બહારગામથી આ પ્રસંગે પધારેલ મહેમાનો માટે તા. ૦૮-૦૬-૨૦૧૬ સવારે-બપોરે-સાંજે અને તા. ૦૯-૦૬-૨૦૧૬ના સવારે તેમજ બપોરે પંચાસરજીના કંપાઉન્ડમાં જમવાની વ્યવસ્થા રાખેલ છે તેનો સર્વેએ લાભ લેવા વિનંતી.

❖ **શ્રી પંચાસર પાશ્વનાથ શ્રુત આરાધક મંડળ** તરફથી આ વર્ષે - વૈશાખ સુદ ૩ ના રોજ વર્ષી તપનું પારણું કરેલ હોય તેમને સંસ્થા તરફથી પ્રભાવના આપવાની છે તે માટે વર્ષીતપ તપસ્વીઓએ સ્થાનિક સંઘની ચીઠ્ઠી સાથે ૧૦-૬-૨૦૧૬સુધી પોતાના નામ જણાવવા વિનંતી છે. ચંપકલાલ શાહ, ૨-બી, મેકર એપાર્ટમેન્ટ, ૨૩૨ વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦૦૦૬. ફોન : ૨૩૬૯૧૧૦૩

❖ **૧૦૮ ગ્રંથ પ્રણેતા યોગનિષ્ઠ પ.પૂ. બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા. તેમજ પ.પૂ. વર્તમાન ગચ્છાધિપતિ મનોહરકિર્તી સાગર સૂરીશ્વરજી મ.સા.** તેમજ રાષ્ટ્ર સંત પં.પૂ. પદ્મ સાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ. વિદુષી પવિત્રલતાશ્રીજી મ.સા.ના શિષ્યા રત્નત્રયા શ્રી મ. સા. પાટણ નગર નિવાસી, ગુલાબ બહેન સેવંતીલાલના સુપુત્રી (રશ્મીબેન) રત્નત્રયાશ્રીજીના ૫૦ વર્ષના સંયમ સુર્વણયાત્રાની અનુમોદના નિમિત્તે તા. ૧૮-૩-૨૦૧૬ થી ૨૦-૩-૨૦૧૬ ત્રીદિવસીય મહોત્સવ, કુંભારીયાપાડો, પાટણ મધ્યે યોજયેલ હતો.

આ મહોત્સવની સંપૂર્ણ વ્યવસ્થા પૂજ્યશ્રીના (સંસારી) માસીના દીકરા શ્રી પ્રમોદચંદ્ર કાંતિલાલ મશરૂવાલાએ કરી હતી. મહોત્સવ, દરમ્યાન પૂજ્યશ્રીના સર્વે પરિવારજનો તેમજ આમંત્રિત મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

❖ **શ્રી પાટણ જૈન મિત્ર મંડળ - અંધેરી (ઈસ્ટ)- સ્વસ્તિક ગ્રુપ, કુટુંબના સભ્ય ભાઈ-બહેનો** સાંસ્કૃતિક તેમજ મનોરંજક કાર્યક્રમ છેલા ૧૩ વર્ષથી માણી રહ્યા છે. **તા. ૧૪-૨-૨૦૧૬** 'વેલેન્ટાઈન ડે'ના દિવસે 'મયૂરવન' રીસોર્ટમાં અવનવી ગેઈમની મજા માણી. હવે આગામી પ્રોગ્રામ 'કચ્છ ભદ્રેશ્વર'નો યાત્રા પ્રવાસ નક્કી કરેલ છે. નવા સભ્યો આવકાર્ય છે.


**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા નિર્મિત**

**'પાટણ ગૌરવ ગાથા' ડોક્યુમેન્ટ્રી ફીલ્મ** [૬૦ મીનીટ]

સિનીયર સિટીઝન માટેના આયોજીત બન્ને પ્રોગ્રામમાં દર્શાવેલ અને પ્રશંસા પામેલ ફીલ્મ

૩ નવા તૈયાર કરાયેલા ગીતો તેમજ ૩ સંગીતમય સ્તવનોમાં ૯૦ થી વધુ જિનાલયો તેમજ પ્રતિમાજીઓના દર્શન યુક્ત




**ડોક્યુમેન્ટ્રી ફીલ્મમાં શું નીહાળશો**

પાટણનો ભવ્ય રાજકીય ઈતિહાસ ❊ પ્રગતીનો ચીતાર

જોવા લાયક સ્થળો : રાણીકીવાવ, સહસ્ત્રલિંગ તળાવ, પટોળા વગેરે.

પાટણના જિનાલયો તેમજ મૂળનાયકના દર્શન

જૈન પરંપરાનો ઈતિહાસ તેમજ પાટણના જિનાલયોની વિશિષ્ટતા.

રૂ.૫૦/- ડોનેશન આપી D.V.D મરીનડ્રાઈવ-બોરીવલી-ગોરેગાંવ કાર્યાલયમાંથી મેળવી શકશો.

**''તમે એકવાર પાટણ જાજો રે ઓ પાટણીયા''...** આ પાટણનો સાદ છે, અને આવા જ સુંદર ગીતોથી સભર છે. આ **DVD** તેથીજ પાટણના દરેક ઘરમાં એક **DVD** હોવી જરૂરી છે. કુટુંબના સર્વ સભ્યો એક સાથે ઘરમાં બેસી પાટણી ભવ્યતાને નિહાળી શકશો અને પાટણના સઘળા જીનાલયોના દર્શન કરી શકશો,
આ **DVD** પાટણ ખાતે અતિથિગૃહ, પીપળાશેરમાંથી પણ મળશે.

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

## દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ અહેવાલ

માનવ સમુદાયમાં દિવ્યાંગ બાળકો માટે વિવિધ માન્યતાઓ છે કોઈ કહે તેમને ખાવામાં વધુ આનંદ મળે છે. કેટલાક કહે ફરવામાં મળે છે, કોઈ કહે સારા કપડા પહેરવા ગમે છે. કોઈ કહે તેમને ફિલ્મ જોવી ગમે છે, સંગીત સાંભળવું પણ ગમે છે પણ સમાજની આ વિવિધ માન્યતાઓ વચ્ચે અનુભવના તારણરૂપે એટલું જ કહી શકાય કે તેમને પણ પ્રગતિ માટેની ઝંખના હોય છે, તેમને પણ પગભર થવામાં મજા આવે છે. કામોની વચ્ચે થોડું મનોરંજન હોવું પણ જરૂરી છે.

જ્યારે 'દિશા'ની સ્થાપના થઈ ત્યારે આપણે બધાએ એવું વિચારેલું કે બાળકની સાથે સાથે મા-બાપની પીડા પણ હોય છે તેમને બહાર લઈ જઈને થોડીવાર માટે પણ આપણે આનંદ આપી શકીએ તો બધીજ મહેનત સાર્થક છે.

તા. ૨૬-૪-૨૦૧૬ના રોજ ''જંગલબુક'' જોવા જવા માટેનું આયોજન થયું આઈનોક્ષમાં, પછી સવારી પહોંચી હિન્દુ જીમખાના પછી તો બધાનો આનંદ અનોખો જ હોય ને ? આ આખા પ્રોગ્રામની સ્પોન્સરશીપ આપણા વડીલ શ્રીમાન જે.કે.શાહની હતી અને તેમનો પૌત્ર તનય બધાની વ્યવસ્થામાં ખડેપગે હાજર હતો.

હવે આ વખતે કંઈક નવું કરવાનું વિચારતા હતા ત્યાં શ્રી કિરણભાઈ દેસાઈ અને શ્રીમતી શેતલબેન દેસાઈ તથા તેમના સાથીદારોએ દિશાના તથા શ્રદ્ધાના બાળકો અને તેમના વાલીઓ માટે 'અર્ધ-સત્ય' નાટકના પાસ આપ્યા. જ્યારે ડ્રામા ચાલું થયું ત્યારે સ્ટેજ ઉપરથી આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ માટે તેઓના સંચાલક તરફથી પ્રવૃત્તિઓની સારી રીતે અનુમોદના કરી. ❑

## સમાજનું ગૌરવ

❖ **યુએસએમાં એપ્રીલ, ૨૦૧૬ના યોજાયેલ અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એરોનોટિક્સ એન્ડ એસ્ટ્રોનોટિક્સ ડિઝાઈન બિલ્ડ ફ્લાય (એઆઈએએ - ડીબીએફ)ની વૈશ્વિક સ્પર્ધામાં** ભારતનું અને **V.J.T.I.**નું પ્રતિનિધિત્વ કરતી **'વાયુપત્રાસ' નામની આઠ સભ્યોની ટીમે** ભાગ લીધેલ. આરસી (રિમોટ કન્ટ્રોલ) મોડલ એરક્રાફ્ટ ડિઝાઈનિંગમાં વિશ્વની આ ટોપ મોસ્ટ સ્પર્ધા છે. આમાં ૧૪૫ ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી ૮૦ ટીમો શોર્ટલિસ્ટ કરાઈ હતી. આ ૮૦ ટીમોમાંથી **'વાયુપુત્રાસ'** ટીમ બીજા નંબરે આવી હતી.

**'વાયુપુત્રાસ'** ટીમમાં મિતાલી શાહ તથા તેના સાત સાથીદારો હતા.

કુંભારિયાપાડાના શ્રીમતી પ્રીતિબેન તથા શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહની પુત્રી **ચિ. મિતાલી** હાલ **મેકેનીકલ એન્જિનિયરીંગના ત્રીજા વર્ષમાં** અભ્યાસ કરે છે. ગયા વર્ષે પણ મિતાલી અને તેની ટીમે આ સ્પર્ધામાં ભાગ લઈ **ત્રીજું સ્થાન** મેળવેલ. મિતાલી અને તેમની ટીમના સાથીદારો રીમોટ કંટ્રોલથી ઉડવાના પ્રયોગ દર રવિવારે જુદી જુદી શાળાઓમાં અને ખાનગી સંસ્થાઓમાં દાખવે છે. અને ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવા ફંડ એકત્રીત કરે છે. મિતાલી તથા તેમની ટીમના સભ્યોની વિરલ સિદ્ધી બદલ અભિનંદન.

## અભિનંદન

❖ શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ **શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહને** શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘની રજત જયંતી પ્રસંગે તેજપાલ હોલ - મુંબઈમાં તા. ૭-૫-૨૦૧૬ના રોજ શ્રી હસમુખભાઈ ગાર્ડીના વરદ હસ્તે **'જૈન સમાજ રત્ન એવોર્ડ'** એનાયત કરવામાં આવેલ. શ્રી રોહીતભાઈના સાંસ્કૃતિક ક્ષેત્રે તેમજ હીરા ઉદ્યોગના ક્ષેત્રે યોગદાનને બિરદાવતા આનંદ સહ ગૌરવ અનુભવાય છે. આ એવોર્ડ મેળવવા બદલ તેઓશ્રીને અભિનંદન.

## જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ

**મુંબઈ યુનિવર્સીટી ડીપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી**

પાર્ટ ટાઈમ સર્ટીફીકેટ કોર્સ અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક, એક વર્ષ માટે કોર્સની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૬૫૦/- છે, સરળ ભાષામાં ફિલોસોફીની સમજ (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

**વિષય :** જૈન ઈતિહાસ, નવકાર, તીર્થંકર, રાજલોક, રત્નત્રયી, શ્રાવકાચાર, શ્રમણાચાર, જ્ઞાન, અનેકાંત, નયવાદ, ૬ દ્રવ્ય, ૯ તત્વ, કર્મવાદ, શાકાહાર, અહિંસા વગેરે.

**સર્ટિફિકેટ કોર્સ માટે મુંબઈમાં ચાર સેન્ટર :**

(૧) મરીન લાઈન્સ - શકુંતલા સ્કૂલ - ગુરુવાર - ૩ થી ૭
(૨) બોરીવલી (વે) - એમ.કે. સ્કુલ - રવિવાર - ૯ થી ૧
(૩) સાંતાક્રુઝ (ઈ) - કાલિના યુનિવર્સીટી - શનિવાર - ૧ થી ૫
(૪) ઘાટકોપર (ઈ) - રામજી આશર સ્કૂલ - રવિવાર - ૧ થી ૫

કોર્સ ૧૮ જૂનથી એપ્રિલ ૨૦૧૭.

સમગ્ર કુટુંબ, ખાસ કરીને યુવા વર્ગ સાથે કરવા જેવો અભ્યાસ. ૧૯૯૬થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૩૫૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

**કોર્સ કરવા માટેની લાયકાત :**

જુનું એસ.એસ.સી. અથવા એચ.એચ.સી પાસ.
એડમિશન ફોર્મ સાથે લાસ્ટ એજ્યુકેશન સર્ટિફિકેટની ઝેરોક્ષ કોપી અને મેરેજ સર્ટિફિકેટની ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે.

**એડમિશન ફોર્મ મેળવવા માટે સંપર્ક:**

**મુકુંદભાઈ મણિયાર:** વિલેપાર્લા (વે), મો. ૯૮૨૦૨૩૩૧૩૮
**રિતેશભાઈ ભાયાણી:** ઘાટકોપર (વે), મો. ૯૮૬૭૨૦૯૮૦૪
**જયશ્રીબેન દોશી :** બોરીવલી (વે), મો. ૯૩૨૩૭૬૧૫૧૩
**ભરતભાઈ વિરાણી :** કાલબાદેવી, મો. ૯૮૬૯૦૩૭૯૯૯

**એડમિશન ફોર્મ અને ફી ભરવાનું સેન્ટર:**

ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી, યુનિવર્સિટી ઓફ મુંબઈ, કાલિના, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૮
તા. ૪ જૂન અને ૧૮ જુન ૨૦૧૬
સમય : સવારે ૧૧ થી બપોરે ૩ કલાકે

**વધુ વિગત માટે સંપર્ક :**

**ડૉ. બિપીન દોશી,** મો. ૯૮૨૧૦૫૨૪૧૩
Email: drbipindoshi@yahoo.com

## કોલેજ પ્રવેશમાં ઉપયોગી માઈનોરીટી અથવા ગુજરાતી હોવાનું સર્ટીફીકેટ

સમાજના એસ.એસ.સી. / એચ.એસ.સી. માં પાસ થનાર વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ મેળવવા માટે મુંબઈની કેટલીક શાળા-કોલેજોમાં ગુજરાતી હોવા અંગેનું ગુજરાતી સર્ટીફીકેટ અથવા માઈનોરીટી સર્ટીફીકેટની જરૂરત રહે છે. તેના અનુસંધાનમાં શ્રી પાટણ જૈન મંડળમાં પુરૂ નામ, સરનામું, પાટણનો મહોલ્લો, જ્ઞાતિ વિ. વિગતોસહ અરજી કરનાર પાટણ સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉપરોક્ત સર્ટીફીકેટ તુરતજ આપવામાં આવે છે. તો જરૂરતમંદ પરિવારોએ વહેલી તકે અરજી સાથે મંડળના મુખ્ય કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

## દુ:ખદ નિધન

❍ પાટણ કનાસાના પાડાના, હાલ વાલકેશ્વર સ્થિત **શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાલિદાસ શાહ** (ઉ.વ. ૯૨)નું તા. ૫-૫-૨૦૧૬ના દિને દુ:ખદ નિધન થયેલ છે.

સદગતશ્રી શારદાબેનના હૈયામાં સંસ્થા માટે સદાય અહોભાવની એક લાગણી રહી હતી. ઢળતી વયે તેમના જીવનસાથીની વસમી વિદાયને જીરવવા ધર્મ આરાધનમાં જોડાઈ પોતાનું જીવન સાફલ્ય બનાવ્યું હતું. પાટણ ખાતે પીપળાશેરમાં આવેલ શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહના નૂતનીકરણ અંગેની સંસ્થાની આવેલ જાહેરાત સંદર્ભે સ્વૈચ્છિક દાન આપવાની ભાવના વ્યક્ત કરેલ અને તેમનું નામ **''અતિથિગૃહ નૂતનીકરણ યોજના-૨૦૧૪''** તરીકે સંસ્થા સાથે કાયમી જોડાયેલું રહે તેવા શુભ આશયથી રૂા. ૧૦ લાખનું દાન સમર્પિત કરેલ છે અને સંસ્થા અને સમાજ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરેલ. નિરાભીમાની અને મિલનસાર સ્વભાવ ધરાવતા શારદાબેનના નિધનથી સંસ્થા અને સમાજને શુભેચ્છક દાતાની ખોટ પડેલ છે. પરમાત્મા સદગતશ્રીના આત્માને ચિર:શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

❍ શ્રી પાટણ જૈન મંડળની વ્યસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી ગીરીશભાઈ ભગવાનદાસ શાહ (ભાભાનો પાડો-વિલેપાર્લા)નું** તા. ૧૩-૫-૨૦૧૬ના દિને ૬૭ વર્ષની વયે દુ:ખદ નિધન થયેલ છે.

સદગત શ્રી મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૯૬થી જોડાઈ ૨૦ વર્ષ પર્યંત રહી મંડળના વિકાસમાં યોગદાન આપતા રહ્યા હતાં. સદ્‌ગતશ્રીના દુ:ખદ નિધનથી સંસ્થાને એક શુભેચ્છક દાતાની ખોટ પડેલ છે. પરમાત્મા સદગતશ્રીના આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

❍ શ્રી પાટણ જૈન મંડળની વ્યસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી રજનીકાંત મહેન્દ્રભાઈ શાહ (શાંતિનાથની પોળ-મહેશાણા)નું** તા. ૨૧-૪-૨૦૧૬ના દિને ૬૯ વર્ષની વયે દુ:ખદ નિધન થયેલ છે.

સદગતશ્રી દ્વારા મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૧૧થી જોડાઈ પાંચ વર્ષ પર્યંત મંડળના વિકાસમાં યોગદાન આપવામાં આવેલ, મહેસાણા ખાતે વસવાટ કરવા છતાં મંડળની પ્રવૃત્તિઓમાં રસ લઈ નાની-મોટી રકમોના આર્થિક યોગદાન મંડળને સમર્પિત કરવામાં આવેલ.

સદગતશ્રીના દુ:ખદ નિધનથી સંસ્થાને એક શુભેચ્છક દાતાની ખોટ પડેલ છે. પરમાત્મા સદગતશ્રીના આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | અમીતભાઈ બાબુભાઈ શાહ | ૬૪ | ખેતવાડી | ૦૯-૦૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૦૨ |
| વિશા શ્રીમાળી | ખેતરવસી | અનીલકુમાર જેશંગલાલ શાહ | ૬૫ | ભાયંદર | ૧૭-૦૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૧૧ |
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | રમેશભાઈ મોતીલાલ શાહ (વકીલ) | ૮૪ | તારદેવ | ૧૯-૦૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૧૩ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | રમણલાલ પાનાચંદ શાહ | ૯૬ | નેપીયંન્સી રોડ | ૨૧-૦૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૧૪ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | રજનીકાંત મહેન્દ્રલાલ શાહ | ૬૯ | મહેસાણા | ૨૧-૦૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૧૪ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | નિર્મળાબેન રસીકલાલ ઝવેરી | ૮૫ | ચોપાટી | ૦૨-૦૫-૨૦૧૬ | ચૈત્ર વદ - ૧૦ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | યશવંતભાઈ પુનમચંદ શાહ | ૭૫ | તારદેવ | ૦૩-૦૫-૨૦૧૬ | ચૈત્ર વદ - ૧૧ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | શારદાબેન બાબુભાઈ શાહ | ૯૨ | મલબારહીલ | ૦૫-૦૫-૨૦૧૬ | ચૈત્ર વદ - ૧૪ |
| દશા શ્રીમાળી | મારફતીયામહેતાનો પાડો | જસુમતીબેન કીર્તિલાલ શાહ | ૯૦ | ચોપાટી | ૧૨-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૦૬ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | પદમાબેન બચુભાઈ શાહ | ૮૪ | ઠાકુરદ્વાર | ૧૨-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૦૬ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | ગીરીશભાઈ ભગવાનદાસ શાહ | ૬૭ | વિલેપાર્લે | ૧૩-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૦૭ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | મીનળબેન રમેશભાઈ શાહ | ૪૫ | અંધેરી | ૧૫-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૦૯ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# Donations Received From April 2015 to March 2016

## Mandal

| Name of the Family<br>Greater than 1.00 Lacs | Mahollo | Amt.<br>Rs in Lacs |
|---|---|---|
| Babu Amichand Panalal Adishavar Temple Ch. Trust | Khetarvasi-Shamlaji | 37.55 |
| Jashudben Manilal Lalluchand | Bhabhano Pado | 21.00 |
| Babu Narendra Vijaykumar | Khajurino Pado | 15.30 |
| Tushar Pravinchandra Shah | Dhandher Wado | 6.00 |
| Sevantilal Dalpatchand Shah | Shantinathni Pole | 5.50 |
| Dineshbhai Shantilal Shah | Siddhachakrani Pole | 5.25 |
| Bhagvatiben Vinodchandra Matliwala | Kanasano Pado | 5.00 |
| Virendrabhai Popatlal Shah | Mallatno Pado | 5.00 |
| Varjivandas Chimanlal Shah | Vasupuyani Sheri | 5.00 |
| Maulik -Divyabalaben Navinchandra | Polemi Sheri | 5.00 |
| Pradipbhai Ramanlal Shah | Kumbhairia Pado | 4.00 |
| Rameshchandra Chhabildas Jhaveri | Manmohanjin Sheri | 4.00 |
| A Well Wisher | | 4.00 |
| Yashwantbhai Harilal Jhaveri | Brahman Wado | 3.50 |
| Kanchanlal Vadilal shah | Manmohanjini Sheri | 3.50 |
| Mahasukhlal Popatlal Shah | Vasupujyani Sheri | 3.00 |
| Kandrapbhai Sevantilal Khandwala | Kesusethno Pado | 3.00 |
| Keshavlal Kilachand Ch. Trust | Kumbhairia Pado | 3.00 |
| Mahasukhlal Rikhachand Shah | Padigundino Pado | 3.00 |
| Jivanlal Nathalal Khandwala | Keshusethno Pado | 2.51 |
| Dipakbhai Revantilal shah | Kanasano Pado | 2.50 |
| J. K. Shah | Bhabhano Pado | 2.50 |
| Sanjay Rameshchandra Shah | Dank Mehtano Pado | 2.50 |
| Chinubhai Chimanlal Shah | Kumbhairia Pado | 2.50 |
| Hemantbhai Vrajlal Shah | Tamboli Wado | 2.50 |
| Vasumatiben Mahendrabhai J. Shah | Vakhatjini Sheri | 2.50 |
| Hitenbhai Champaklal Shah | Khet-Shantinathni Sheri | 2.00 |
| Ravindrabhai Mohanlal Shah | Khajurino Pado | 2.00 |
| Jayantilal Manilal Devdawala | Limdino Pado | 2.00 |
| Mukeshbhai Chimanlal Patani | Limdino Pado | 2.00 |
| Niranjanbhai Amrutlal Shah | Kapurmehtano Pado | 2.00 |
| Pramodbhai Premchand Teliawala | Manmohanjini Sheri | 2.00 |
| Hiraben Popatlal Shah | Kanasano Pado | 2.00 |
| Jitendrabhai Manilal Shah | Bhabhano Pado | 1.50 |
| Mahendrabhai Popatlal Shah | Kumbharia Pado | 1.50 |
| Ashokbhai Kirtilal Jhaveri | Maniyati Pado | 1.25 |
| Jairajbhai Kantilal Sonawala | Chaudhrini Sheri | 1.25 |
| Nitinbhai Vinubhai Shah | Kesusethno Pado | 1.25 |
| Priyavadan Khubchand Shah | Mahalaxmimatano Pado | 1.25 |
| Jaylilaben Vipinchandra Mafatlal Shah | Kokano Pado | 1.25 |
| Navinchandra Ambalal Shah | Vakharno Pado | 1.25 |
| Nareshbhai Sevantilal Gandhi | Vasupuyani Sheri | 1.25 |
| Rajendrabhai Jayantilal Shah | Bhabhano Pado | 1.00 |
| Ashvinbhai Panalal Shah | Khet-Mahadevani Sheri | 1.00 |
| Kamleshbhai Jivanlal Jhaveri | Zaveri Wado | 1.00 |
| Ravibhai Sevantilal Shah | Chitarani Khadaki | 1.00 |
| Shirishbhai Mafatlal Shah | Panchoti Pado | 1.00 |
| A Well Wisher | | 1.00 |
| Pulin Pravinchandra Shah | Ketarvasi | 1.00 |
| Dr. Hasmukh Chimanlal Shah | Lakhiyar Wado | 1.00 |
| Miscellaneous (less than 1.00 Lac) | | 12.35 |

## Colleges

| | | |
|---|---|---|
| **Bhagavatiben Kantilal Salvi Education Centre** | | |
| Hemantbhai Kantilal Shah | Salvi Wado | 95.00 |
| **S K College of Science &Technology** | | |
| Sevantilal Kantilal Trust | Kumbharia Pado | 85.00 |
| **Pradip College of Commerce & Management** | | |
| Pradipkumar & Co | Kumbharia Pado | 60.00 |
| **Vasumati Sevantilal College of Arts, Mass Media** | | |
| K Sevantilal & Co | Chitarani Khadki | 50.00 |

# શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય – પાટણ

### જૂન – ૧૬ થી છાત્રાલયમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ

શ્રી પાટણ જૈન મંડળ શૈક્ષણિક ક્ષેત્રે પાટણ ખાતે બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચ માધ્યમિક અને આર્ટ્સ, સાયન્સ, કોમર્સ કૉલેજ ચલાવી રહેલ છે. શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય (બોર્ડીંગ) સમગ્ર ગુજરાતમાં ખ્યાતનામ સંસ્થા હતી. સંજોગોવસાત બંધ પડેલ છાત્રાલય પુનઃ શરૂ કરવાનું સંસ્થાએ નક્કી કરેલ છે, જેમાં જૈન- અજૈન તથા પાટણના સ્થાનિક અને બહારગામના ધો. ૫ થી ધો. ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને રહેવા, જમવાની અદ્યતન સુવિધાઓ અપાશે. આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લવાજમની રકમમાં રાહત આપવામાં આવશે. છાત્રાલયમાં જૂન, ૨૦૧૬ થી દાખલ થવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પ્રવેશપત્ર તથા વધુ માહિતી માટે સંપર્ક કરો.

**સંપર્ક :** (૧) શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય,
ફાટીપાળ દરવાજા બહાર, પાટણ (ઉ. ગુજરાત)
મો. નં. ૦૯૪૨૮૭૫૩૨૨૮/૦૯૮૯૮૨૧૫૭૮૩
કાર્યાલય સમય સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ સાંજે ૫.૦૦ થી ૭.૦૦
(૨) શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૨૦
ફોન નં. ૦૨૨-૨૨૮૧૧૨૧૮ મો. નં. ૦૯૧૬૭૯૦૨૨૬૭

### -: છાત્રાલયની સુવિધાઓ :-

- ભવ્ય જિનાલય અને વિશાળ વનરાજીવાળું નયનરમ્ય સંકુલ.
- રહેવા, નાસ્તા, જમવા અને ભણવાની લેટેસ્ટ સુવિધાઓ.
- જીનાલયમાં સેવા-પૂજા સાથે ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થશે.
- ૭૫ વર્ષ જૂનું અને જાણીતું.
- જરૂરતમંદ વિદ્યાર્થીઓને લવાજમમાં રાહત.
- છાત્રાલય કેમ્પસમાં શહેરની પ્રથમ હરોળની શાળા, શ્રી બી.ડી.એસ. વિદ્યાલયમાં અભ્યાસ કરવાની સુંદર તક.
- છાત્રાલયમાં પ્રવેશ મળશે એટલે શાળામાં પ્રવેશ મળી ગયો એમ માનવું.
- માયાળું અને નિષ્ઠાવાન સ્ટાફ દ્વારા પારિવારિક વાતાવણ મળશે.
- શાંત અને સુંદર વાતાવરણમાં વિદ્યાર્થીઓનું સુંદર ઘડતર.
- પ્લેગ્રુપ, બાળમંદિરથી કૉલેજ સુધીની શિક્ષણ સુવિધાયુક્ત કેમ્પસ.
- ગરમ પાણીની સુવિધા.
- કોચીંગ અને કૉમ્પ્યુટરનો લાભ મળશે.
- સ્કેટીંગ, સંગીત, વકૃત્વ અને લીડરશીપની તાલીમ અપાશે.
- ફોન કરવાથી પ્રવેશપત્ર મોકલી આપવામાં આવશે.
- અભ્યાસ અને પ્રાર્થના માટે વિશાળ હોલની સુવિધા.
- એક રૂમમાં મર્યાદિત વિદ્યાર્થીઓની સંખ્યા.
- દરેક રૂમમાં ગાદલા, પલંગ અને કબાટની સુવિધા.

❑ શ્રી પાટણ જૈન મંડળ

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB ● May 2016 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of everymonth.

## સાભાર સ્વીકાર

**હેલ્થકેર સાધન કોરપસ ફંડ**

૪,૦૦,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)

**સમાજ વિકાસ ફંડ**

૧,૨૫,૦૦૦/- શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ (કલકતાવાળા) (મારફતીયા મહેતાનો પાડો)
હ. શ્રીમતી જ્યોતિબેન રોહીતભાઈ શાહ

૧,૨૫,૦૦૦/- શ્રી પંકજભાઈ મહાસુખલાલ શાહ (કલકતાવાળા) (મારફતીયા મહેતાનો પાડો)
હ. શ્રીમતી રીટાબેન પંકજભાઈ શાહ

**અતિથિગૃહ રીનોવેશન ભેટ**

૧,૫૦,૦૦૦/- શ્રી લીલાવતીબેન જેશીંગલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
હ. શ્રી દિપકભાઈ જેશીંગલાલ શાહ

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૬૧,૦૦૦/- શ્રીમતી સરલાબેન અમૃતલાલ શાહ (ઝવેરી વાડો)
હ. શ્રી પ્રકાશભાઈ અમૃતલાલ શાહ
ચિ. પૌત્રી પૂજા પ્રકાશભાઈ શાહ
M.C.A. પરીક્ષામાં ડીસ્ટીંક્શનથી પાસ થયાની ખુશાલીમાં.

**શિક્ષણ સહાય ભેટ**

૨૧,૦૦૦/- શ્રીમતી પ્રમીલાબેન રવિકાંતભાઈ શાહ (શાંતિનાથની પોળ)

**હેલ્થકેર સાધન ભેટ**

૧૦,૦૦૦/- શ્રીમતી નિર્મળાબેન વી. ચિતલીયા

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી સીમાબેન વી. પારેખ

## શાળાનું ઝળહળતું પરિણામ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભો.દો.સા. વિદ્યાલય - પાટણનું ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૩.૪૮% આવેલ છે. જ્યારે જિલ્લાનું કુલ પરિણામ ૭૬.૧૫% આવેલ છે. જેમાં **૯૯.૦૭ ગુણાંક મેળવી આપણી શાળાની પટેલ કિર્મી પંકજભાઈ પાટણ શહેરમાં પ્રથમ નંબર મેળવી શાળા અને સંસ્થાને ગૌરવ અપાવેલ છે.** તે બદલ અભિનંદન. આ ઉપરાંત નીચે મુજબના વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવી ઉર્ત્તિણ થયા છે તે બદલ અભિનંદન.

૯૭.૮૯ ગોકલાણી હર્મિન દિનેશભાઈ, ૯૭.૨૮ , પટેલ અર્થ રમેશભાઈ, ૯૬.૭૦ મોદી હેત જયેશકુમાર, ૯૬.૬૦ મોદી મીત વિનોદભાઈ, ૯૫.૬૧ દેસાઈ જય મનહરભાઈ, ૯૪.૧૭ ઠક્કર ચિત્રલ સુનિલકુમાર, ૯૩.૨૫ પટેલ જયદીપ કનુભાઈ, ૯૨.૭૬ મોદી પ્રારબ્ધ અંબરનાથ, ૯૧.૬૩, યાદવ ધ્રુવ જશવંતકુમાર, ૯૧.૩૨ મોદી રોમીલ શૈલેષકુમાર, ૯૦.૮૪ મકવાણા ચીરાગ કાંતિભાઈ, ૯૦.૭૯ મોદી ધ્રુમીલ અનીલભાઈ, ૯૦.૬૪ પટેલ પુનમ સોમાભાઈ, ૮૮.૪૧ રાજપુત માનષી શૈલેષકુમાર

## પાટણ જૈન વિદ્યાર્થીઓ જોગ

- **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - અંધેરી શાખામાં માફી વિદ્યાર્થી યોજના અનુસાર દાતાશ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરીની** એક માફી વિદ્યાર્થી સીટ આ વર્ષે ખાલી થવા પામેલ છે, તો સમાજના જે કોઈ વિદ્યાર્થી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી અભ્યાસાર્થે દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ શ્રી યશવંતભાઈ ઝવેરી (વિલેપાર્લા) મો. ૯૮૨૦૦૮૮૯૯૭ સંપર્ક કરવો.
- **શ્રી મહાવીર જૈન વિદ્યાલય - કન્યા છાત્રાલય પૂના** ખાતે રહીને ધો. ૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા - વિદ્યાર્થીનીને નિ:શુલ્ક પ્રવેશ આપવાની યોજના અનુસાર **દાતાશ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહની માફી** વિદ્યાર્થી સીટ માટે સંસ્થાની શરતો મુજબ લાભ લેવા ઈચ્છુક બહેનોએ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ - ૨૨૮૧૭૫૫૯ સંપર્ક કરવો.

**Programs for June 2016**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program,** | Sat | **18-June** | Jeth V 13 | 5 pm | Patkar Hall, Marine Lines | **Musical Program** |

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Mon | **15-Aug** | Srvan S 12 | 9 am | Hindi Vidhyabhavan | **Vyakhyan** |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,